શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૭
અંક : ૧૧

## ૩૫ વર્ષની યાત્રા

તા. ૧/૧૧/૮૦ના રોજ આ સંસ્થાની સ્થાપના થઈ સામાન્ય સભાએ તેનું બંધારણ બનાવી સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ તથા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ નોંધણી અર્થે રજુ કરતા તા. ૨૪/૧૧/૧૯૮૦ ના રોજ સંસ્થાની નોંધણી કરવામાં આવી હતી. સ્થાપનાકાળની શરુઆત તે વખતની સમસ્યાઓ આધારિત હતી. સમયાંતરે સમસ્યાઓ બદલાતા તે મુજબ ફેરફારો સાથે ઘણાં ચઢાવ ઉતાર સાથે લોકોના સહયોગથી સંસ્થાની ટીમ આજ–પર્યંત કાર્યરત છે.

ઘોડીયાઘર, કુટુંબ સલાહ કેન્દ્ર, યુવતિ વિકાસ કેન્દ્ર, વી કેન કેમ્પેઈન, મહિલા અધિકાર અભિયાન, સ્ત્રી હિંસા વિરોધી ઝૂંબેશ, મહિલા અને બાળ સહાયતા કેન્દ્ર, જીલ્લા તાલીમ કેન્દ્ર, પાણી અને હવા પરીક્ષણ તાલીમ, દાયણ તાલીમ, સ્વ સહાય જુથોની રચના અને તાલીમ, વોટરશેડ વિકાસ, એઈડ્સ અંગે તાલીમ, મ.ભો.યો. સંચાલકોની તાલીમ, બધા માટે શિક્ષણ, શાળા પૂર્વ તૈયારી કાર્યક્રમ, ઘનિષ્ઠ પાઠયક્રમ, વ્યવસાયિક તાલીમ કોર્સ (WCGM, Screen Printing and Computer Course), સ્ટેપીંગ સ્ટોન તાલીમ, પેપર રીસાયકલ તાલીમ, જેન્ડર ટ્રેનીંગ, શૈક્ષણિક કીટ, એચ.આઈ.વી.એઈડ્સ નીડ એસેસમેન્ટ, રાષ્ટ્રીય એઈડસ કંટ્રોલ પ્રોગ્રામ, પીવાના પાણી માટે ડેમોસ્ટ્રેશન, સ્તનપાન સપ્તાહ, હેલ્થ કેમ્પ, રાષ્ટ્રિય પર્યાવરણ જાગૃતિ અભિયાન, વાત્સાયન કેન્દ્ર, સ્કુલ એડોલેસન્ટ એજયુકેશન, સ્વચ્છતા અને સુખાકારી અભિયાન/અભ્યાસ, કલીન, ફાઉન્ડેશન ઈન્સેમબ્લડ અને વોટર ફીલ્ટર પ્લાન્ટ સ્થાપના, એચઆઈવી પોઝીટીવ વ્યકિતઓને એક વર્ષ માટે રેશનીંગ કીટની સહાય, ગ્રામ સંજીવની સમિતીના સભ્યોનુ ક્ષમતાવર્ધન, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન, ડાયવર્સીફાઈડ ફાર્મિંગ પ્રેકટીસીસ, કૌશલ્ય વિકાસ તાલીમો, એન્ટરપ્રીનીયોર મોડેલ, ફાર્મર્સ કલબની સ્થાપના, વીલેજ ડેવલપમેંટ પ્લાન, ઉન્નત કપાસની ખેતી, શાળા વ્યવસ્થાપન અને શિક્ષણ સંવર્ધન, ખેત ઉત્પાદક સંગઠનોની રચના, ખેતીમાં ઝેરી જંતુનાશકોના વપરાશ ઓછો કરવા જેવી પ્રવૃતિઓ હાથ ધરાઈ હતી.

**બાળકોને ઉપદેશ નહી ઉદાહરણ જોઈએ.**

સાથે સાથે સોશ્યલ એસેસમેંટ સ્ટડી, જીલ્લા કક્ષાએ કેમ્પ દ્વારા થતી શિક્ષકોની નિમણૂંક, વિકલાંગ બાળકો માટે સંકલિત શિક્ષણની અસર, સર્વ શિક્ષા અભિયાન દ્વારા સામાજિક જાગૃતિ માટે યોજાતા નવિનતમ કાર્યક્રમોની ભૂમિકા, સ્થળાંતર કરતા કુટુંબના બાળકોનો શાળા છોડવા અંગેનાં અભ્યાસનાં કારણો અને ઉકેલ, બ્રીજ કન્ડેન્સડ કોર્સની ઉપયોગીતા અને અસરનો અભ્યાસ, શિશુ સંભાળ અને શિક્ષણ કાર્યક્રમોના મૂલ્યાંકન અભ્યાસ, ધો–૭નુ ગણીત શીખવામાં પડતી મૂશ્કેલી પર એક અભ્યાસ, છ તાલુકાઓમાં જોખમી જાતીય વર્તણુંક ધરાવતા લોકોના વિસ્તારનું મેંપીંગ, ઘરેલુ હિંસા પર અભ્યાસ– ખાંભા/જાફરાબાદ, અસર સર્વે, હિંસાના પ્રકારો જાણવા બેઝલાઈન સર્વે, મધ્યપ્રદેશના ઘઉંના વાવેતર અને ઉત્પાદનનો અભ્યાસ, પર્યાવરણીય સંતુલન સંદર્ભે સર્વે, શૌચાલય વિહોણા કુટુંબોનો સર્વે, બાબરા તાલુકાના ૪૫ ગામમાં શૈક્ષણિક બાબતો તપાસવા બેઈઝલાઈન જેવા અભ્યાસ પણ હાથ ધરવામાં આવ્યા હતા.

હાલમાં સંસ્થા પોતાના કાર્યક્રમો જેવા કે, જેન્ડર અને વિકાસ, તાલીમ અને શિક્ષણ, તંદુરસ્ત સમાજ અને પર્યાવરણ, કૃષિ ઉત્પાદકતા વૃધ્ધિ કાર્યક્રમ અને આપતિજન્ય જોખમો તથા લઘુધિરાણ અને ઉદ્યોગસાહસિકતા પર કાર્યરત છે.

આ સમાચાર પત્રિકા કે જે આપના હાથમાં છે તેની શરૂઆત જુલાઈ ૧૯૯૮ થી પ્રથમ બે અંક ત્રિમાસિક પ્રસિધ્ધ કર્યા બાદ જાન્યુઆરી ૧૯૯૯થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્રથી થઈ હતી. જે નિયમિત પ્રસિધ્ધ થાય તે માટે પણ સંસ્થાની ટીમ કાળજી લઈ રહી છે.

**સાવધાન વ્યસનથી**

યાદ રાખજો
વ્હાલા વિદ્યાર્થી
વ્યસન થી તમે હંમેશા ચેતજો,
આટલું તો યાદ,જરૂર રાખજો.
શરીરને કાયમી,નિરોગી બનાવજો,
ભણતર સાથે થોડુ,ગણતર રાખજો.
ઉચ્ચ વિચારોનું સિંચન તમે કરજો,
જ્ઞાન સાથે, ગમ્મત પણ રાખજો.
જીવનરૂપી ઈમારત તમે મજબુત રાખજો,
પહેલા પાયો તમે મજબુત રાખજો.
સંગ તમે સંસ્કારીનો જ કરજો,
ભવિષ્યનો પણ વિચાર તમે કરજો.
ગુરૂની આજ્ઞાનું,પાલન તમે કરજો,
માતા–પિતાની સેવા,તમે ન ભુલજો.
અભ્યાસમાં ઘ્યાન,પુરૂ તમે આપજો,
પણ સાથે આપનો ખ્યાલ પણ રાખજો.
જીવનમાં કંઈ,અશકય નથી તમે માનજો,
પણ જીવન છે,તો જ શકય છે માનજો.
દોષ બીજાને,કયારેય તમે ન આપશો,
પોતાની ભુલ પોતે જ,તમે સ્વીકારજો.

**હંસરાજ પેથાણી સભ્ય, એસએમસી ત્રંબોડા**

**આજની મહેનત આવતી કાલનું પરિણામ છે.**

## ટકાઉ ખેતી

ખેડૂત મિત્રો, ગયા લેખમાં વિણી બાબતે વાતો કરી હતી. જે આપને ઉપયોગી નિવડી હશે તેમજ વિણી બાબતે કાળજી રાખી હશે જે બીસીઆઈ પરિયોજનાના સિધ્ધાંતો મુજબ સ્વચ્છ કપાસ ગણી શકાય.

મિત્રો, આ લેખમા ખેતીનું અગત્યનું પરિબળ મજૂર વર્ગ તેમજ બાળ મજૂરીની વાતો કરીશું.

મજૂર ખેતી કાર્ય માટે અગત્યનું ઘટક ગણી શકાય. જેમાં મજૂરના હકો અને મળતી સવલતોની બાબતોમાં આપણે કાળજી રાખીએ છીએ છતાં બીસીઆઈ પરિયોજનાના સિધ્ધાંતોની સમજણ કેળવીએ તો મુખ્યત્વે મજૂરોને સરકારી ધારા ધોરણ મુજબ મહેનતાણું મળે. કાર્ય સ્થળ પર પીવા માટે ચોખ્ખું પાણી અને વાપરવાનું પાણી ઉપલબ્ધ હોય. નાના બાળકો માટે હિંચકાની વ્યવસ્થા કરવી. મહેનતાણામાં લિંગભેદનો ભેદભાવ ના હોવો જોઈએ. મજૂરના આધાર પુરાવા ખેડૂતોએ ફાઈલ કરવા. સરકારના નિયમ મુજબ બાળ મજૂરને ખેતી કાર્ય ના કરાવવું જોઈએ. આમ ઉપર મુજબની બાબતો તમામ ખેડૂતો પાલન કરતાં હોય છે અને જો કયાંય કચાશ રહી જાય તો તેને સુધારી લેવી.

હવે વાત કરીએ બાળમજૂરીની. આપણા દેશમાં બાળમજૂરીના કાયદાઓ અમલમાં છે. જે મુજબ બે વિભાગમાં બાળમજૂરી જોવા મળે છે. ચૌદથી અઢાર વર્ષની ઉંમરના બાળકો તેમના મા બાપની હાજરીમાં હળવું કાર્ય કરી શકે. આવા બાળકો જોખમી કામો ના કરી શકે જેમ કે દવા છાંટવી, ઓજાર ચલાવવું વગેરે.

અઢાર વર્ષથી ઉપરની વયના લોકો દરેક કાર્ય કરી શકે છે. આ બે કેટેગીરીમાં બાળમજૂરીને કાયદાની નજરથી જોવામાં આવે છે. જેનો આપને ખ્યાલ હશે. પરંતું જો કયાંય ઉણપ રહેતી હોય તો સુધારી લેવી.

બાળમજૂરી એ આપણા દેશનું કલંક છે માટે દરેક નાગરીકની જવાબદારી છે કે કોઈપણ જગ્યાએ પાચંથી ચૌદ વર્ષના બાળકો સ્કુલે ના જતાં હોય તો તેને સ્કુલે લઈ જવાં અને ભારતની ભાવિ પેઢી ને યોગ્ય દિશા આપવી બાળક આપણું હોય કે મજૂરનું હોય કે પછી આડોશ પાડોશ લોકોનું હોય બાળમજૂરી ના કરે અને સ્કુલે જાય તે આપણા તમામ લોકોની જવાબદારી છે. મને વિશ્વાસ છે કે આપણા વિસ્તારમાં બાળમજુરીનું દુષણ નથી છતાં પણ કોઈ પણ જગ્યા પર બાળ મજુરી નજરે પડે તો તે બાળકો અને મા બાપ સાથે વાત કરી અને યોગ્ય ઉપાય કરવા જોઈએ.

**– ડી. એન. ઝાલા**
**(એસએસકેકે ધોકડવા)**

*ભેગા મળવુ એ શરૂઆત છે...*
*ભેગા રહેવુ એ પ્રગતિ છે...*
*પરંતુ ભેગા મળીને કામ કરવું એ સફળતા છે.*

**શિક્ષણથી પણ વધારે મહત્વ ચારિત્રનાં ઘડતરનું છે.**

**બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનીયમ ૨૦૦૯**

ભારતીય બંધારણના આર્ટીકલ ૨૧(એ)માં ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમીક શિક્ષણની જોગવાઈ કરવામાં આવેલ છે. તથા રાજયનિતીના માર્ગદર્શક સિધ્ધાંતમાં રાજય પર જવાબદારી લાદી છે કે ૧૪ વર્ષ સુધીના બાળકોને પ્રાથમીક શિક્ષણ મફત અને ફરજીયાત આપે. તેમ છતાં ભારતમાં નિરક્ષરતાનું પ્રમાણ ખુબ જોવા મળે છે. જેના ખાસ કારણોમાં બાળ મજુરી, પોતાના ગામથી સ્કુલ દુર હોવાથી, સ્થળાંતર, સ્કુલમાં રસપ્રદ વાતાવરણ અને સુવિધાનો અભાવ, શિક્ષણના ખર્ચને પહોંચી ન વળવુ વગેરે પરિબળો નિરક્ષરતા માટે મુખ્ય છે.

પરંતુ આ તમામ પરીબળોને ધ્યાને લઈને બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનીયમ વર્ષ ૨૦૦૯ માં પસાર કરવામાં આવેલ છે.

**મફત અને ફરજીયાત પ્રાથમીક શિક્ષણનો અધિકાર :**

૬ થી ૧૪ વર્ષની ઉંમરના દરેક બાળકોને તેમના વિસ્તારની શાળામાં મફત અને ફરજીયાત પ્રાથમીક શિક્ષણ મેળવવાનો અધિકાર રહેશે. જેમાં બાળકને પ્રાથમીક શિક્ષણ અટકાવે તેવી કોઈપણ પ્રકારની ફી અથવા ખર્ચ ચૂકવવા જવાબદાર રહેશે નહી.

**પ્રવેશ ન અપાયેલ હોય અથવા જેમણે પ્રાથમિક શિક્ષણ પૂરૂ ન કર્યુ હોય તેવા બાળકો માટે પ્રવેશનો અધિકાર :**

એવુ બાળક કે જે છ વર્ષની ઉંમરનું હોવા છતાં શાળામાં પ્રવેશ આપવામાં આવેલ નથી તેવા બાળકને તેનું પ્રાથમીક શિક્ષણ પુરુ કરવા તેની ઉંમરના અનુસાર યોગ્ય ધોરણમાં દાખલ કરવામાં આવશે.

**પ્રવેશ ન અપાયેલ હોય અથવા જેમણે પ્રાથમિક શિક્ષણ પૂરૂ ન કર્યુ હોય તેવા બાળકો માટે ખાસ તાલીમ અને શિક્ષણ પૂર્ણ કરવાનો અધિકારઃ**

ઉંમર અનુસાર યોગ્ય ધોરણમાં સીધો પ્રવેશ અપાયો હોય તેવા બાળકો અન્ય બાળકો સાથે સમાનતાથી ચાલી શકે તે માટે નિયત સમય મર્યાદામાં તાલીમ મેળવવાનો અધિકાર રહેશે. આવુ બાળક ચૌદ વર્ષ પૂર્ણ થઈ ગયા હોવા છતાં જયાં સુધી તે પ્રાથમીક શિક્ષણ પૂર્ણ ન કરે ત્યાં સુધી મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવા હકદાર રહેશે.

**બીજી શાળામાં બદલી મેળવવાનો અધિકારઃ**

એવી શાળા કે જયાં પ્રાથમીક શિક્ષણ પૂર્ણ કરવા માટેની જોગવાઈ ન હોય, ત્યાં પ્રાથમીક શિક્ષણ પૂર્ણ કરવા માટે સરકાર અથવા સ્થાનિક સત્તાધિકારી દ્વારા સ્થાપિત અને તેની માલિકીની હોય તથા તેમની પાસેથી સંપૂર્ણ કે અંશતઃ ખર્ચને પહોંચી વળવા સહાય કે અનુદાન મેળવતી હોય

*હાજરીમાં જે તમારાથી ડરે એ ગેરહાજરીમાં તમને ધિક્કારે છે.*

તેવી શાળાઓમાં બદલી મેળવવાનો અધિકાર રહેશે. જયારે બાળકને કોઈપણ કારણોસર એક શાળામાંથી બીજી શાળામાં જવાની જરૂરીયાત ઉભી થાય ત્યારે પણ રાજયમાં અથવા રાજય બહાર સરકાર દ્વારા ચાલતી કોઈપણ શાળામાં બદલી મેળવવા હકદાર રહેશે.

**ફરિયાદ નિવારણ :**

આ અધિનીયમ અન્વયે બાળકના અધિકારને લગતી કોઈ ફરીયાદ હોય તેવી વ્યકિત તેના હકૂમતક્ષેત્રે સ્થાનિક સતાધિકારીને લેખિત ફરિયાદ કરી શકશે. આવી ફરીયાદ મળ્યા બાદ, સ્થાનિક સતાધિકારી સંબધિત પક્ષકારોને સાંભળવાની યોગ્ય તક આપ્યા પછીના ત્રણ માસની અંદર આ બાબતમાં નિર્ણય કરશે. સ્થાનિક સતાધિકારીના નિર્ણયથી નારાજ થયેલ વ્યકિત, બાળકોના અધિકારના રક્ષણ માટેના રાજય પંચ અથવા નિયત કરેલ સતાધિકારીને અપિલ કરી શકશે. આવી અપિલનો નિર્ણય, બાળકોના અધિકારના રક્ષણ માટેના રાજયપંચ અથવા નિયત કરેલ સત્તાધિકારી કરશે.

**માતા પિતા અને વાલીની ફરજ :**

દરેક માતા પિતા અથવા વાલીની ફરજ બને છે કે, તે પોતાના બાળક અથવા પાલ્યને પાડોશમાં આવેલી પ્રાથમિક શિક્ષણ આપતી શાાળામાં દાખલ પ્રવેશ કરે અથવા દાખલ પ્રવેશના કારણો સહિત દાખલ પ્રવેશ કરાવે.

**શાળા વ્યવસ્થાપક સમિતિની રચના અને તેના કાર્યો :**

ખર્ચને પહોંચી વળવા સ્થાનિક સરકાર પાસેથી કોઈપણ સહાય કે અનુદાન મેળવતી ન હોય તેવી બીનસહાયક શાળા સિવાયની અન્ય શાળ ામાં સ્થાનિક સતાધિકારી, આવી શાળામાં પ્રવેશ થયેલા બાળકોના માતા પિતા અથવા જવાબદાર વ્યકિતઓ અને શિક્ષકોના ચૂંટાયેલા પ્રતિનીધિત્વવાળી બનેલી શાળા વ્યવસ્થાપન સમિતીની રચના કરશે.

આ સમિતીના ઓછામાં ઓછા ૩/૪ સભ્યો બાળકોના માતા પિતા હશે.નબળા વર્ગના બાળ કોના વાલીઓને પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહેશે. શાળાની કામગીરી ઉપર દેખરેખ રાખશે. શાળા વિકાસની યોજના અને ભલામણો તૈયાર કરશે. યોગ્ય સરકાર, સ્થાનિક સત્તાધિકારી અથવા કોઈપણ અન્ય સ્ત્રોતમાંથી મેળવેલી સહાયના ઉપયોગ પર દેખરેખ રાખશે.

**શિક્ષકોની ફરજો :**

શાળામાં હાજરીની નિયમિતતા અને સમય પાલનને દુરસ્ત રાખશે. નિયત કરેલા સમયાનુસાર અભ્યાસક્રમને ચલાવશે અને પૂરા કરશે. દરેક બાળકની ક્ષમતાનો કયાસ કાઢી અને જો જરૂરી હોય તો તે અનુસારના વધારાના પુરક આદેશ આપશે. બાળકોના વાલી સાથે નિયમિત બેઠક યાજીને તેઓને બાળકની હાજરીમાં નિયમિતતા, શીખવાની ક્ષમતા, શીખવાની પ્રક્રિયામાં થઈ રહેલો વિકાસ અને સુસંગત માહિતીની જાણ કરશે.

***બદલો લેવા કરતાં ક્ષમા આપવી હંમેશા સારી છે.***

## પિયત પધ્ધતિ–જાત અનુભવ

મારૂં નામ ડાંગોદરા દિપકભાઈ અરજણભાઈ છે. મારૂ ગામ ભડીયાદર, તાલુકો ઉના, જીલ્લો ગીર સોમનાથ છે. મે સ્નાતક સુધી અભ્યાસ કર્યો છે. મને કવિતાઓ લખવાનો બહુ જ શોખ છે. જે જાહેર જગ્યા, મંદિરો, અનાથઆશ્રમ વગેરે સ્થળોના નોટીસ બોર્ડ ઉપર મુકેલ છે. મારા પરિવારમાં હું મારી પત્ની અને બે સંતાનો છે. મારો મોટો પુત્ર પશુપાલનમાં અને નાનો પુત્ર હિરા ઉદ્યોગમાં કામ કરે છે. મારો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતીમાં કંઈક નવું કરવું મને ખૂબ જ ગમે છે. મારી પાસે ૩૦ વિઘા જમીન છે. ૧૦ વિઘામાં કપાસ, ૨૦ વિઘામાં મગફળી કઠોળ, શાકભાજી તથા ઘાસચારાના પાકનું વાવેતર કરેલ છે.

આ વર્ષથી અમારા ગામમાં ઉત્તમ કપાસની પહેલની કામગીરી શરૂ થઈ તેમાં હું જોડાયો છું હું દરેક તાલીમમાં હાજર રહયો છું તથા તે તાલીમ દરમિયાન તાલીમકાર દ્વારા જે કાંઈ પણ ચર્ચા કે ખેતીની વાતો કરવામાં આવે તેને હું મારી ખેતી સુધી પહોંચાડુ છું. આ વર્ષે વરસાદ ઓછો પડવાથી પાકમાં શરૂઆતથી જ પાણીની ખેંચ વર્તાતી હતી. પાકને યોગ્ય સમયે પાણી મળી રહે તે માટે થઈને તાલીમમાં એક પાટલે પિયત પધ્ધતિ અપનાવવા કહેલું હતું. આ પધ્ધતિ મેં આ વર્ષે મારા કપાસના પાકમાં અપનાવેલી. એક પાટલે પિયત પધ્ધતિથી ઘણો જ ફાયદો થાય છે. આ પધ્ધતિથી જમીનમાં પાણીના તળ ઝડપથી નીચાં જતાં નથી થોડો સમય વધારે પાણી મળી રહે છે. એક પાટલે પિયત પધ્ધતિથી શ્રમ, સમય પણ ઓછો જોઈએ છે.

આમ, એક પાટલે પધ્ધતિ અપનાવવાથી મને ઘણો ફાયદો થયો છે. તે મને પ્રત્યક્ષ રીતે ખ્યાલ આવી ગયેલો છે. મારાં ખેડુત મિત્રોને એક એવી અપીલ છે કે જો આ કાર્યક્રમ સાથે સંકળાયેલા સંસ્થાના કાર્યકરોના કહેવા પ્રમાણે ટપક પધ્ધતિ ઉત્તમ પિયત પધ્ધતિ છે તેમ છતાં ટપક ન હોય તો એક પાટલે પિયત પધ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ. મારા ખેતરમાં જ કપાસનાં પાકમાં આ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. જેનાથી કપાસનાં પાકમાં પાણીની ઉણપ જણાતી નથી એટલે કપાસના પાકને પાણની નહી પરંતુ ભેજની જરૂર છે.

આમ, છેલ્લે મારે એટલું જ કહેવું છે કે પાણી એ આપણી તથા દરેક સજીવની પ્રાથમિક જરૂરીયાત છે માટે પાણીના તળ નીચા જઈ રહયાં છે તો તેને ઉંચા લાવવાના પ્રયત્નો કરવા જોઈએ અને ખાસ કરીને જો ખેતીમાં ખેડૂતો પાણીનો સમજ પૂર્વક ઉપયોગ કરતાં થઈ જશે તો પાણી આપણને લાંબા સમય સુધી ઉપયોગી થશે અને ડ્રીપ ન હોય તો એક પાટલે પિયત પધ્ધતિ અપનાવે તેવી આશા રાખું છું.

**ચંદ્ર અને ચંદન કરતાં સજ્જનોની સંગત વિશેષ શિતળ હોય છે.**

## આપણી જિંદગીનો વિરોધાભાસ

આપણી પાસે સગવડો વધી પણ સકારાત્મક વિચારધારાની ઉણપ ઘટતી જોવા મળે છે. આજે ભણતર વધ્યું છે, પણ ગણતર ઘટયુ. આપણા મકાનો ઉંચા પણ વિચારો નીચાં છે. વાહનો માટે રસ્તાઓ પહોળાં પણ બીજાને સમજવા માટે દિલની ગલીઓ સાંકડી બની. જ્ઞાનનો વિપુલ ભંડાર ઉભો થયો છે, પણ નિર્ણાયક શકિત ઘટી ગઈ છે. દવાઓ અને સારવાર વધ્યાં છે, તો માંદગીઓ પણ વધી છે. ખર્ચાઓ ધૂમ કરીએ છીએ,પણ જરૂરીયાત વાળાને આપવા આપણી પાસે પૈસા નથી. વાતવાતમાં મગજ ગુમાવી દઈએ છીએ, પણ ધીરજથી બે ઉંડા શ્વાસ નથી લઈ શકતાં. આપણી પાસેની વસ્તુઓ વધારી છે, પણ આપણી કિંમત ઘટાડી છે. આપણે બોલીએ છીએ ખૂબ, પણ ધીરજથી બીજાને સાંભળ વાની શકિત ખોઈ બેઠા છીએ. જીવનનિર્વાહ કરવાનું તો આપણને આવડી ગયું પણ કેમ જીવવુ તે નથી આવડતું. ચંદ્ર, મંગળ સુધીની સફર કરી પણ આપણા પાડોશીના હ્રદય સુધી પહોંચી શકયાં નથી. અણુનું વિભાજન કરી તેના ભુકકા બોલાવી શકયાં, પણ આપણામાં રહેલ ઈર્ષ્યા, રાગ, દ્વેષ, ક્રોધ, લોભ વગેરે દુષણોની એક કાંકરી પણ ખેરવી શકયાં નથી. આવકનો ગ્રાફ ઉંચો ગયો છે, પણ નૈતિકતાનો ગ્રાફ નીચે ઉતર્યો છે.

આપણી પાસે અનાજ તો ઢગલા બંધ છે, પણ એ પચાવવાની શકિત સાવ ખાડે ગઈ છે. શારીરિક ઉંચાઈ વધતી જાય છે, પણ ચારિત્ર ટૂંકુ થતું જાય છે. આપણે વાતો વિશ્વશાંતિની કરીએ છીએ પણ ઘરના બે માણસ વચ્ચેના સબંધોમાં ચંપાયેલ પલીતોને ઠારી શકતાં નથી. આમ, આપણી જિંદગીના શો–રૂમમાં બીજાને બતાવવા માટેનું બધું જ ગોઠવી શકયાં છીએ, પણ ગોડાઉનમાં બધું જ ખાલી થઈ ગયું છે.! મિત્રો, જો આ વિરોધાભાસ ગળે ઉતરે તો ઉપર લખેલા બધા વાકયો, અરે! બધા નહીં તો થોડાક વાકયો પણ ઊલટાવીને જીવવાની કોશિશ કરીશું તો જીવન જીવવાનો આનંદ કંઈક અનેરો જ આવશે.

*દોલત મળે કે ના મળે, પણ હવે દોડવું નથી,*
*હાથે રહીને ઝેર હવે ઘોળવું નથી,*
*આ સત્ય કાંઈ નવું નથી,*
*બે ગજ કફન સિવાય કંઈ લઈ જવું નથી,*
*માણસ તરીકે જન્મ લે છે અહીં બધા,*
*પણ અફસોસ છે કે કોઈને અહીં માણસ થવું નથી,*
*ગુણ–દોષ પારખાં જોવાની ટેવ પડી ગઈ છે,*
*પોતાનું હ્રદય કોઈને ઢંઢોળવું નથી,*
*દેવાલયોમાં અને કથાઓમાં ઘણી ભીડ થાય છે,*
*પ્રભુની સાથે હ્રદય કોઈને જોડવું નથી,*
*ટેવ પડી ગઈ છે જૂઠના વ્યવહારની,*
*કોઈને સત્યાં કયાં છે તે હવે ખોલવું નથી,*
*પ્રભુ! જીંદગીમાં ફકત આટલું જ કરો,*
*નિર્ણય કરો કે હવે કોઈનું દિલ તોડવું નથી.*

***વિચાર અને વાણી થકી મનુષ્ય ઓળખાય છે.***

**Happy birthday**

| | |
|---|---|
| Rajesh Rathod | 01-12-1992 |
| Chirag Karad | 08.12.1992 |
| Satish Dafada | 15-12-1977 |
| Bhavika Solanki | 19-12-1989 |

**In this month**

3 Workshop on national environment awareness campaign at Rajkot

6 Agriculture project review meeting with PU managers at CSPC.

7 LAMP team meeting at Amreli.

8 Meeting with migrant families of Kidi village.

21 End line assessment of LEP.

23 Training on level 2 for education facilitator during 23-26 at Sayala.

29 National seminar on financing agriculture value chain during 29-30 at BIRD Lakhanow.

30 The training on labor and child rights 30 Nov to 1 Dec(HCT).

**<u>રમુજ એક થેરપી</u>**

એક વૃધ્ધની અઠાણુંમી વર્ષગાંઠે તેમની છબી પાડીને પછી ફોટો ગ્રાફરે જતાં જતાં કહયું 'દાદા, તમે એક સો વર્ષના થાવ ત્યારે પણ છબી પાડવાં હું હાજર રહી શકીશ એવી આશા છે.'

'કેમ નહી વળી ?' દાદાજી બોલ્યાઃ 'હજી તો તારી તબિયત ઘણી સારી દેખાય છે !'

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ઈર્ષા આંધળી હોય છે, તે સત્યને ભાગ્યે જ જોઈ શકતી હોય છે.**